# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2026-27/77 Dt. 23/08/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બરનું 'યાર્ન એક્સ્પો-2026' સંપન્ન: આગામી 6 મહિનામાં ₹ 3,000 કરોડથી વધુનો બિઝનેસ જનરેટ થવાની સંભાવના

## ત્રણ દિવસમાં દેશના 100થી વધુ શહેરોમાંથી વિવર્સ, ટ્રેડર્સ અને ગાર્મેન્ટ ઉત્પાદકો મળી કુલ 25,800 બાયર્સે લીધી મુલાકાત

## સુરતમાં પહેલી વાર પ્રદર્શિત થયા ભારતમાં તાજેતરમાં લૉન્ચ થયેલા અદ્યતન સસ્ટેનેબલ યાર્ન: ટેન્સેલ, ગ્રાસ-બેઝ્ડ અને રિસાયકલ્ડ યાર્ન બન્યા આકર્ષણનું કેન્દ્ર

## જેન-ઝી (Gen-Z)ની ચોઇસ મુજબ ફાસ્ટ ફેશન ફેબ્રિક્સ યાર્ન પ્રત્યે મુલાકાતીઓનો જબરજસ્ત ઉત્સાહ

## સુરતના ટેક્સટાઇલ સાહસિકો યાર્નના અવનવા ઉપયોગની શ્રેષ્ઠ બુદ્ધિક્ષમતા ધરાવે છે: રાજ્ય બહારના એક્ઝિબિટર્સનો મત

## જબરજસ્ત રિસ્પોન્સને પગલે એક્ઝિબિટર્સે આગામી વર્ષના 'યાર્ન એક્સ્પો-2027' માટે અત્યારથી જ એડવાન્સ બુકિંગ કરાવવાની તૈયારી દર્શાવી

*સુરત, 23 ઓગસ્ટ 2026:* ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) તથા ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર (GFRRC)ના સંયુક્ત ઉપક્રમે સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર (SIECC) ખાતે આયોજિત ત્રિ-દિવસીય 'યાર્ન એક્સ્પો-2026' સફળતાપૂર્વક સંપન્ન થયો છે. ત્રણ દિવસ દરમિયાન બાંગ્લાદેશ અને ગિની ઉપરાંત ભારતના વિવિધ રાજ્યોના 100થી વધુ શહેરોમાંથી કુલ 25,800 વિવર્સ, ટ્રેડર્સ, રિટેલર્સ અને ગાર્મેન્ટ ઉત્પાદકોએ મુલાકાત લેતાં એક્ઝિબિટર્સને જબરદસ્ત પ્રતિસાદ સાંપડ્યો હતો.

ત્રણ દિવસના મુલાકાતીઓની વિગત જોઈએ તો પ્રથમ દિવસે 5,500, બીજા દિવસે 9,500 અને રવિવારે અંતિમ દિવસે 10,800 મળીને કુલ 25,800 બાયર્સ-વિઝિટર્સે એક્સ્પો નિહાળ્યો હતો. રાજ્ય બહારથી આવેલા બાયર્સે એક્ઝિબિટર્સને મોટા પાયે ઓર્ડર્સ આપ્યા હતા, જેના પરિણામે આગામી 6 મહિનામાં આશરે ₹ 3,000 કરોડથી વધુનો બિઝનેસ જનરેટ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

### અધતન વેરાયટીઓ અને ટેકનોલોજીની માહિતી: અશોક જીરાવાલા

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, "દેશના વિવિંગ અને નીટિંગ ઇન્ડસ્ટ્રીના ઉદ્યોગકારોએ ચેમ્બર આયોજિત યાર્ન એક્સ્પોમાં પ્રદર્શિત કરાયેલા જુદી-જુદી વેરાયટીના યાર્ન અંગે વિગતવાર જાણકારી મેળવી હતી. પ્રદર્શનમાં ટેન્સેલ, કતાન, એન સિલ્ક, લાયોસેલ, ઝીંક લિનન, કાર્બન ફાઇબર, મોઇશ્ચર મેનેજમેન્ટ, બાયો-ડીગ્રેડેબલ, હેમ્પ યાર્ન, એન્ટી માઇક્રોબાયલ યાર્ન, ડોપ ડાઇડ, સિરો પોલિએસ્ટર, મિલાન્જ, કેટોનિક, ઇનહેરન્ટ ફાયર રેટરડન્ટ અને એન્ટી બેક્ટેરિયલ યાર્ન સહિતના વિશિષ્ટ ઉત્પાદનો પ્રદર્શિત કરાયા હતા."

### ભારતમાં તાજેતરમાં લૉન્ચ થયેલા સસ્ટેનેબલ યાર્ન સુરતમાં પ્રથમ વાર રજૂ થયા:

આ એક્ઝિબિશનમાં સસ્ટેનેબલ (પર્યાવરણ-અનુકૂળ) યાર્નની વિશાળ શ્રેણી રજૂ કરવામાં આવી હતી. જેમાંની ઘણી વેરાઇટી ભારતમાં હજી તાજેતરમાં જ લૉન્ચ થઈ છે અને સુરતમાં તે પહેલી વાર પ્રદર્શિત થઈ હતી. જેમ કે દેખાવમાં કોટન જેવું પણ અનુભૂતિમાં અત્યંત મુલાયમ અને ડેનિમમાં સૌથી વધુ વપરાતું 'ટેન્સેલ' મુખ્ય આકર્ષણ રહ્યું હતું. આ ઉપરાંત જેન-ઝી (Gen-Z)ની ચોઇસ મુજબનું ફાસ્ટ ફેશન ફેબ્રિક યાર્ન, લાકડાં (Wood)ને બદલે ગ્રાસ (ઘાસ)માંથી બનતું સસ્ટેનેબલ યાર્ન તેમજ જૂનાં કપડાંમાંથી રી-પ્રોસેસ કરીને તૈયાર કરાયેલું રિસાયકલ્ડ યાર્ન ભારે ચર્ચામાં રહ્યું હતું.

### સુરતના ઉદ્યોગકારોની ઇનોવેશન ક્ષમતા અજોડ: રવિ રાજ દેસાઈ

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી રવિ રાજ દેસાઈએ વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, પ્રદર્શનમાં જોડાયેલા દેશભરના 88 એક્ઝિબિટર્સ મળેલા પ્રતિસાદથી અત્યંત પ્રભાવિત થયા હતા. બહારગામના એક્ઝિબિટર્સે જણાવ્યું હતું કે, "સુરતના ટેક્સટાઇલ સાહસિકો યાર્નના અવનવા ઉપયોગ અને ઇનોવેટિવ ફેબ્રિક્સ ડેવલપ કરવાની અદ્ભૂત બુદ્ધિક્ષમતા ધરાવે છે." જબરજસ્ત રિસ્પોન્સના પગલે ઘણા એક્ઝિબિટર્સે ચેમ્બર દ્વારા આગામી વર્ષે યોજાનારા 'યાર્ન એક્સ્પો-2027' માટે અત્યારથી જ એડવાન્સ બુકિંગ કરવાની તૈયારી દર્શાવી હતી.

### સેમ્પલિંગ થકી નવા ફેબ્રિક્સનું નિર્માણ થશે: મનિષ કાપડિયા

ચેમ્બરના ઓલ એક્ઝિબિશન ચેરમેન શ્રી મનિષ કાપડિયાએ જણાવ્યું હતું કે, "એક્સ્પોની મુલાકાતે આવેલા ગાર્મેન્ટ મેન્યુફેક્ચરર્સ હવે યાર્ન ઉત્પાદકો પાસેથી સેમ્પલ મંગાવી નવા પ્રકારના ફેબ્રિક્સ ડેવલપ કરશે. આ સેમ્પલિંગ પ્રક્રિયા થકી સુરતમાં આગામી સમયમાં ગાર્મેન્ટિંગ માટેના વિવિધ

ક્રિએટિવ ફેબ્રિક્સનું મોટા પાયે નિર્માણ થશે, જે સ્થાનિક ટેક્સટાઇલ માર્કેટ અને નિકાસ બંનેને નવી ગતિ આપશે."